**THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) BILL, 2024.**

**GUJARAT BILL NO. 13 OF 2024.**

***A BILL***

*further to amend the Gujarat Goods and Services Tax Act, 2017*.

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows: —

**Short title and commencement.**

**1.** *(1)* This Act may be called the Gujarat Goods and Services Tax (Amendment) Act, 2024.

*(2)* It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint:

**Amendment of section 2 of Guj. 25 of 2017.**

**2.** In the Gujarat Goods and Services Tax Act, 2017 (hereinafter referred to as "the principal Act"), in section 2, for clause (61), the following clause shall be substituted, namely:— **Guj.25 of 2017.**

"(61) "Input Service Distributor" means an office of the supplier of goods or services or both which receives tax invoices towards the receipt of input services, including invoices in respect of services liable to tax under sub-section (3) or sub-section (4) of section 9, for or on behalf of distinct persons referred to in section 25, and liable to distribute the input tax credit in respect of such invoices in the manner provided in section 20;".

**Substitution of section 20 of Guj. 25 of 2017.**

**3.** In the principal Act, for section 20, the following section shall be substituted, namely:—

**Manner of distribution of credit by Input Service Distributor**

"**20.** (1) Any office of the supplier of goods or services or both which receives tax invoices towards the receipt of input services, including invoices in respect of services liable to tax under sub-section (3) or sub-section (4) of section 9, for or on behalf of distinct persons referred to in section 25, shall be required to be registered as Input Service Distributor under clause (viii) of section 24 and shall distribute the input tax credit in respect of such invoices.

(2) The Input Service Distributor shall distribute the credit of State tax or integrated tax charged on invoices received by him, including the credit of State tax or integrated tax in respect of services subject to levy of tax under sub-section (3) or sub-section (4) of section 9 paid by a distinct person registered in the same State as the said Input Service Distributor, in such manner, within such time and subject to such restrictions and conditions as may be prescribed.

(3) The credit of State tax shall be distributed as State tax or integrated tax and integrated tax as integrated tax or State tax, by way of issue of a document containing the amount of input tax credit, in such manner as may be prescribed.”.

**Insertion of new section 122A to Guj. 25 of 2017.**

**4.** In the principal Act, after section 122, the following section shall be inserted, namely: —

**Penalty for failure to register certain machines used in manufacture of goods as per special procedure.**

“**122A.** (1) Notwithstanding anything contained in this Act, where any person, who is engaged in the manufacture of goods in respect of which any special procedure relating to registration of machines has been notified under section 148, acts in contravention of the said special procedure, he shall, in addition to any penalty that is paid or is payable by him under Chapter XV or any other provisions of this Chapter, be liable to pay a penalty equal to an amount of one lakh rupees for every machine not so registered.

(2) In addition to the penalty under sub-section (1), every machine not so registered shall be liable for seizure and confiscation:

Provided that such machine shall not be confiscated where–

(a) the penalty so imposed is paid; and

(b) the registration of such machine is made in accordance with the special procedure within three days of the receipt of communication of the order of penalty.”.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Goods and Services Tax Act, 2017 was enacted with a view to making a provision for levy and collection of tax on intra-State supply of goods or services or both by the Government of Gujarat.

Various decisions have been taken by the Goods and Services Tax Council in its $50^{th}$ and $52^{nd}$ meetings requiring amendments in the Goods and Services Tax Laws. Accordingly, the Central Goods and Services Tax Act, 2017 (12 of 2017) has been amended by the Parliament by the Finance Act, 2024 (8 of 2024). With a view to implementing the recommendations of the Goods and Services Tax Council as soon as possible and in order to maintain the uniformity in applicability of the provisions of the Central Goods and Services Tax Act, 2017 and the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj. 25 of 2017), this Bill requires to be passed by the Legislative Assembly of the State of Gujarat.

This Bill seeks to amend the Gujarat Goods and Services Tax Act, 2017 to achieve the aforesaid objects.

The following notes on clauses explain, in brief, the important provisions of this Bill:-

***Clause 1.-*** This clause provides for the Short title and Commencement.

***Clause 2.-*** This clause seeks to substitute the definition of "Input Service Distributor”.

***Clause 3.-*** This clause seeks to substitute section 20 of the Gujarat Goods and Services Tax Act, 2017 so as to make Input Service Distribution mechanism mandatory for distribution of input tax credit of common input services procured from third parties by the Input Service Distributor for or on behalf of the distinct persons referred to in section 25 of the said Act.

***Clause 4.-*** This clause seeks to insert new section 122A to the Gujarat Goods and Services Tax Act, 2017 so as to provide for special penalty for non-registration of machines by manufacturers who are required to follow special procedure notified under section 148 of the said Act.

**KANUBHAI DESAI,**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

This Bill involves the delegation of legislative powers in the following respects: -

***Clause 1.-*** Sub-clause 2 of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the provisions of this Bill shall come into force.

***Clause 4.-*** The provisions of sub-section (2) of section 20 of the Gujarat Goods and Services Tax Act, 2017 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the manner in which, the time within which, restrictions and conditions subject to which the Input Service Distributor shall distribute the credit of State tax or integrated tax charged on invoices received by him, including the credit of State tax or integrated tax in respect of services subject to levy of tax under sub-section (3) or sub-section (4) of section 9 paid by a distinct person registered in the same State as the said Input Service Distributor.

Further, the provisions of sub-section (3) of section 20 of the Gujarat Goods and Services Tax Act,

2017 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the manner in which the credit of State tax shall be distributed as State tax or integrated tax and integrated tax as integrated tax or State tax, by way of issue of a document containing the amount of input tax credit.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is of normal character.

Dated 14th August, 2024. **KANUBHAI DESAI.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT GOODS AND SERVICES TAX ACT, 2017.**

**(Guj. 25 of 2017)**

**Definitions.**

**2.** (1) to (60) XXX XXX XXX

(61) "Input Service Distributor" means an office of the supplier of goods or services or both which receives tax invoices issued under section 31 towards the receipt of input services and issues a prescribed document for the purposes of distributing the credit of central tax, State tax, integrated tax or Union territory tax paid on the said services to a supplier of taxable goods or services or both having the same Permanent Account Number as that of the said office;

(62) to (120) XXX XXX XXX

**Manner of distribution of credit by Input Service Distributor.**

**20.** (1) The Input Service Distributor shall distribute the credit of State tax as State tax or integrated tax and integrated tax as integrated tax or State tax, by way of issue of document containing the amount of input tax credit being distributed in such manner as may be prescribed.

(2) The Input Service Distributor may distribute the credit subject to the following conditions, namely:—

(a) the credit can be distributed to the recipients of credit against a document containing such details as may be prescribed;

(b) the amount of the credit distributed shall not exceed the amount of credit available for distribution;

(c) the credit of tax paid on input services attributable to a recipient of credit shall be distributed only to that recipient;

(d) the credit of tax paid on input services attributable to more than one recipient of credit shall be distributed amongst such recipients to whom the input service is attributable and such distribution shall be pro rata on the basis of the turnover in a State or turnover in a Union territory of such recipient, during the relevant period, to the aggregate of the turnover of all such recipients to whom such input service is attributable and which are operational in the current year, during the said relevant period;

(e) the credit of tax paid on input services attributable to all recipients of credit shall be distributed amongst such recipients

and such distribution shall be pro rata on the basis of the turnover in a State or turnover in a Union territory of such recipient, during the relevant period, to the aggregate of the turnover of all recipients and which are operational in the current year, during the said relevant period.

***Explanation.*****—**For the purposes of this section,—

(a) the "relevant period" shall be—

(i) if the recipients of credit have turnover in their States or Union territories in the financial year preceding the year during which credit is to be distributed, the said financial year; or

(ii) if some or all recipients of the credit do not have any turnover in their States or Union territories in the financial year preceding the year during which the credit is to be distributed, the last quarter for which details of such turnover of all the recipients are available, previous to the month during which credit is to be distributed;

(b) the expression "recipient of credit" means the supplier of goods or services or both having the same Permanent Account Number as that of the Input Service Distributor;

(c) the term "turnover", in relation to any registered person engaged in the supply of taxable goods as well as goods not taxable under this Act, means the value of turnover, reduced by the amount of any duty or tax levied under entry 84 of List I of the Seventh Schedule to the Constitution and entry 51 and 54 of List II of the said Schedule.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 13 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.*

**[ SHRI KANUBHAI DESAI,**
**MINISTER FOR FINANCE]**

**(**As published in the Gujarat Government Gazette of 14th August, 2024**)**

**Chetan Pandya,**
**Incharge Secretary,**
**Gujarat Legislative Assembly.**

**GUJARAT BILL NO. 13 OF 2024.**

# THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) BILL, 2024.

*A BILL*

*further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩.**

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪.

## ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.** **૨.** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (૬૧)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:- **સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

"(૬૧) "ઈનપુટ સેવા વિતરક" એટલે કલમ ૨૫-માં ઉલ્લેખેલી ચોક્કસ વ્યક્તિઓ માટે અથવા તેમના વતી, કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ વેરાને પાત્ર સેવાના સંબંધમાં, ઈનપુટ સેવા મળ્યા બદલ, ભરતિયાં સહિત વેરા ભરતિયાં મેળવતી હોય અને કલમ ૨૦-માં જોગવાઈ કરેલી રીતે, આવા ભરતિયાંના સંબંધમાં ઈનપુટ વેરા શાખનું વિતરણ કરવાને પાત્ર હોય તેવી માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરી;".

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦ને બદલે, નીચેની કલમ મૂકવી:- **સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨૦ બદલવા બાબત.**

**ઇનપુટ સેવા વિતરક દ્વારા શાખ વિતરણની રીત.** "**૨૦.** (૧) કલમ ૨૫-માં ઉલ્લેખેલી ચોક્કસ વ્યક્તિઓ માટે અથવા તેમના વતી, કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ વેરાને પાત્ર સેવાના સંબંધમાં, ઈનપુટ સેવા મળ્યા બદલ, ભરતિયાં સહિત વેરા ભરતિયાં મેળવતી હોય

તેવી માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કોઈ કચેરીએ, કલમ ૨૪ના ખંડ (૮) હેઠળ ઇનપુટ સેવા વિતરક તરીકે રજિસ્ટર થવું જરૂરી રહેશે અને આવા ભરતિયાંના સંબંધમાં, ઈનપુટ વેરા શાખનું વિતરણ કરવું જોઈશે.

(૨) ઇનપુટ સેવા વિતરકે, સેવાના સંબંધમાં રાજ્ય વેરાની અથવા સંકલિત વેરાની શાખ સહિત, તેણે મેળવેલા ભરતિયાં પર લેવામાં આવતી રાજ્ય વેરા અથવા સંકલિત વેરાની શાખનું વિતરણ, તે જ રાજ્યમાં, સદરહુ ઇનપુટ સેવા વિતરક તરીકે રજિસ્ટર થયેલી ચોક્કસ વ્યક્તિ દ્વારા કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ ચૂકવવામાં આવેલા વેરાની વસૂલાતને અધીન રહીને, ઠરાવવામાં આવે તેવી રીતે, તેટલા સમયમાં અને તેવા નિયંત્રણો અને શરતોને અધીન રહીને કરવું જોઈશે.

(૩) રાજ્ય વેરાની શાખનું રાજ્ય વેરા અથવા સંકલિત વેરા તરીકે અને સંકલિત વેરાની શાખનું સંકલિત વેરા અથવા રાજ્ય વેરા તરીકે, ઠરાવવામાં આવે તેવી રીતે, ઇનપુટ વેરા શાખની રકમ ધરાવતા દસ્તાવેજ કાઢી આપીને વિતરણ કરવું જોઇશે.

**સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમમાં નવી કલમ ૧૨૨-ક દાખલ કરવા બાબત.**

૪. મૂળ અધિનિયમમાં, કલમ ૧૨૨ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

**ખાસ કાર્યરીતિ મુજબ માલના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાયેલા અમુક મશીનને રજિસ્ટર કરાવવામાં નિષ્ફળ થયા બદલ દંડ.**

"**૧૨૨ ક.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે માલના સંબંધમાં કલમ ૧૪૮ હેઠળ મશીન (યંત્રો)ના રજિસ્ટ્રેશનને લગતી કોઇ ખાસ કાર્યરીતિ જાહેર કરવામાં આવી હોય તે માલના ઉત્પાદનમાં રોકાયેલી હોય તેવી કોઇ વ્યક્તિ, સદરહુ ખાસ કાર્યરીતિનું ઉલ્લંઘન કરીને કૃત્ય કરે, ત્યારે તે (વ્યક્તિ) પ્રકરણ ૧૫ અથવા આ પ્રકરણની બીજી જોગવાઇઓ હેઠળ તેણે ચૂકવેલા હોય અથવા તેના દ્વારા ચૂકવવાપાત્ર હોય તેવા કોઇ દંડ ઉપરાંત, આવી રીતે રજિસ્ટર ન થયેલા દરેક મશીન (યંત્ર) માટે એક લાખ રૂપિયાની રકમ જેટલો દંડ ચૂકવવાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળના દંડ ઉપરાંત, આવી રીતે રજિસ્ટર ન થયેલા દરેક મશીન, જપ્ત અને સરકાર દાખલ કરવા માટે પાત્ર થશે:

પરંતુ -

(ક) આવી રીતે લાદવામાં આવેલો દંડ ચૂકવવામાં આવ્યો હોય; અને

(ખ) આવા મશીનનું રજિસ્ટ્રેશન, દંડના હુકમની જાણ થયાના ત્રણ દિવસની અંદર ખાસ કાર્યરીતિ અનુસાર કરવામાં આવ્યું હોય,

ત્યારે તેવું મશીન સરકાર દાખલ કરવામાં આવશે નહિ.".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ - ગુજરાત સરકાર દ્વારા, માલ અથવા સેવાઓ અથવા બંનેના આંતર-રાજ્ય પુરવઠા પર વેરો લેવા અને વસૂલાત માટેની જોગવાઈ કરવા માટે અધિનિયમિત કરવામાં આવ્યો હતો.

માલ અને સેવા વેરા કાઉન્સિલ દ્વારા તેની ૫૦ મી અને ૫૨ મી બેઠકમાં, માલ અને સેવા વેરા કાયદામાં સુધારા ફરમાવતા વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા છે. તદનુસાર, નાણા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪ ના ૮મા) થી સંસદ દ્વારા, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ૧૨ મો) સુધારવામાં આવ્યો છે. માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને બનતી ત્વરાએ અમલમાં મૂકવાના હેતુથી અને કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અને ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) ની જોગવાઈઓ લાગુ પાડવામાં એકરૂપતા જાળવવા માટે, આ વિધેયક ગુજરાત રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરવું જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ સુધારવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્વની જોગવાઇઓ ટૂંકમાં સમજાવવામાં આવી છે:-

***કલમ ૧.-*** આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, "ઇનપુટ સેવા વિતરક" ની વ્યાખ્યા મૂકવા ધાર્યું છે.

**કલમ 3.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૦- મૂકવા ધાર્યું છે, જેથી કરીને, ઇનપુટ સેવા વિતરક દ્વારા સદરહુ અધિનિયમની કલમ ૨૫-માં ઉલ્લેખેલી, ભિન્ન વ્યક્તિઓ માટે અથવા તેમના વતી, તૃતીય પક્ષકારો પાસેથી મેળવેલી સામાન્ય ઇનપુટ સેવાઓની ઇનપુટ વેરા શાખના વિતરણ માટે, ઇનપુટ સેવા વિતરણ વ્યવસ્થા ફરજિયાત કરી શકાય.

***કલમ ૪.-*** આ કલમથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં, નવી કલમ ૧૨૨-ક દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને, સદરહુ અધિનિયમની કલમ ૧૪૮ હેઠળ જાહેર કરેલી ખાસ કાર્યરીતિનું પાલન કરવાનું જેને ફરમાવ્યું હોય તેવા ઉત્પાદકો દ્વારા મશીનનું રજિસ્ટ્રેશન ન કરવા બદલ ખાસ દંડ માટેની જોગવાઇ કરી શકાય.

**કનુભાઈ દેસાઈ,**

## ધારાકીય સત્તાની સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ વિધેયકની જોગવાઇઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ જાહેરનામાથી નક્કી કરવાની સત્તા મળે છે.

***કલમ ૪.-*** આ કલમથી બદલવા ધારેલી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૦ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓથી, રાજ્ય સરકારને, જે રીતે, જે સમયની અંદર, જે નિયંત્રણો અને શરતોને અધીન રહીને, ઇનપુટ સેવા વિતરક તરીકે તે જ રાજ્યમાં રજિસ્ટર થયેલી ચોક્કસ વ્યક્તિ દ્વારા કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ ચૂકવવામાં આવેલા વેરાની વસૂલાતને અધીન રહીને, સેવાના સંબંધમાં, રાજ્ય વેરા અથવા સંકલિત વેરાની શાખ સહિત સદરહુ ઇનપુટ સેવા વિતરકે, તેણે મેળવેલા ભરતિયાં પર વસૂલ કરવામાં આવેલી રાજ્ય વેરા અથવા સંકલિત વેરાની શાખનું વિતરણ કરવું જોઈશે, તે રીત, તે સમય, તે નિયંત્રણો અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

વધુમાં, આ કલમથી બદલવા ધારેલી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૦ની પેટા-કલમ (૩)ની જોગવાઈઓથી, રાજ્ય સરકારને, જે રીતે રાજ્ય વેરાની શાખનું રાજ્ય વેરા અથવા સંકલિત વેરા તરીકે અને સંકલિત વેરાનું સંકલિત વેરા અથવા રાજ્ય વેરા તરીકે, ઇનપુટ વેરા શાખની રકમ ધરાવતો દસ્તાવેજ કાઢી આપીને વિતરણ કરવું જોઈશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪. **કનુભાઈ દેસાઈ.**

**પુરવણી**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના**

વ્યાખ્યા. **૨.** (૧) થી (૬૦) XXX XXX XXX

(૬૧) "ઈનપુટ સેવા વિતરણકર્તા" એટલે ઈનપુટ સેવા મળ્યા બદલ કલમ ૩૧ હેઠળ કાઢી આપવામાં આવેલ વેરા ભરતિયા સ્વીકારે અને માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરીનો હોય તે જ કાયમી ખાતા નંબર ધરાવતા વેરાપાત્રમાલ અથવા સેવાના પુરવઠાકારને, સદરહુ સેવા પર ચૂકવેલ કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંકલિત વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની શાખનું વિતરણ કરવાના હેતુ માટે, ઠરાવેલો દસ્તાવેજ કાઢી આપે તેવી માલ અથવા સેવા અથવા તે બંનેના પુરવઠાકારની કચેરી;

(૬૨) થી (૧૨૦) XXX XXX XXX

ઇનપુટ સેવા વિતરક દ્વારા શાખ વિતરણની રીત.

**૨૦.** (૧) ઇનપુટ સેવા વિતરકે, રાજ્ય વેરાની શાખનું રાજ્ય વેરા તરીકે અથવા સંકલિત વેરા તરીકે અને સંકલિત વેરાનું સંકલિત વેરા તરીકે અથવા રાજ્ય વેરા તરીકે, ઠરાવવામાં આવે તેવી રીતે, વિતરણ કરવામાં આવેલી ઇનપુટ વેરા શાખની રકમ ધરાવતા દસ્તાવેજ કાઢી આપીને વિતરણ કરવું જોઇશે.

(૨) ઇનપુટ સેવા વિતરકે, નીચેની શરતોને અધીન રહીને, શાખનું વિતરણ કરવું જોઇશે:-

(ક) શાખ પ્રાપ્ત કરનારને, ઠરાવવામાં આવે તેવી માહિતી ધરાવતા દસ્તાવેજ સામે શાખનું વિતરણ કરી શકાશે;

(ખ) વિતરણ કરેલી શાખની રકમ, વિતરણ માટે ઉપલભ્ય હોય તેવી શાખની રકમથી વધુ હોવી જોઇશે નહિ;

(ગ) શાખ લેનારને આપવામાં આવેલી ઇનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, તે શાખ પ્રાપ્ત કરનારને જ કરવું જોઇશે;

(ઘ) એક કરતાં વધુ શાખ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને આપવામાં આવેલી ઇનપુટ સેવાઓ ઉપર ચૂકવેલી વેરા શાખનું વિતરણ, એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે કરવું જોઇશે જેમના માટે ઇનપુટ સેવા આપી શકાય અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન એવી શાખ લેનારને રાજ્યમાંના અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંના

ટર્નઓવરના ભાગે પડતા આધારે, તેવી તમામ શાખ લેનાર કે જેમને આવી ઇનપુટ સેવા આપી શકાય તેમ હોય અને ચાલુ વર્ષની જે સંબંધિત સદરહુ મુદત દરમિયાન તે અમલમાં હોય તેમના એકંદર ટર્નઓવરના પ્રમાણમાં કરવું જોઇશે;

(ચ) તમામ શાખ પ્રાપ્ત કરનારને આપવામાં આવેલી ઇનપુટ સેવા ઉપર ચૂકવેલી વેરા શાખનું એવી શાખ પ્રાપ્ત કરનારની વચ્ચે વિતરણ કરવું જોઇશે અને આવું વિતરણ, સંબંધિત મુદત દરમિયાન તમામ શાખ લેનારના એકંદર ટર્નઓવર અને જે સદરહુ સંબંધિત મુદત દરમિયાન ચાલુ વર્ષમાં અમલમાં હોય, તેવા શાખ લેનારના રાજ્યમાંના ટર્નઓવર અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંના ટર્નઓવરના ભાગે પડતા આધારે, વિતરણ કરવું જોઇશે.

**સ્પષ્ટીકરણ-** આ કલમના હેતુઓ માટે,-

(ક) "સંબંધિત મુદત" એટલે-

(૧) શાખ લેનારને, જે વર્ષ દરમિયાન શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષના અગાઉના નાણાકીય વર્ષમાં પોતાના રાજ્યો અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ટર્નઓવર થયું હોય, તો સદરહુ નાણાકીય વર્ષ; અથવા

(૨) શાખ પ્રાપ્ત કરનારી અમુક અથવા તમામ વ્યકિતઓને, શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષ અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન, તેમના રાજ્યોમાંનું અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંનું કોઇ ટર્નઓવર ન હોય, તો શાખનું જે મહિના દરમિયાન વિતરણ કરવાનું હોય તે મહિના અગાઉના જે ત્રિમાસ માટેની શાખ લેનારી તમામ વ્યકિતઓના આવા ટર્નઓવરની માહિતી ઉપલભ્ય હોય, તેવો છેલ્લો ત્રિમાસ;

(ખ) "શાખ પ્રાપ્ત કરનાર" એ શબ્દપ્રયોગ એટલે ઇનપુટ સેવા વિતરક તરીકે સમાન કાયમી ખાતા નંબર ધરાવતા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર;

(ગ) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર માલ તેમજ વેરાપાત્ર ન હોય, તેવા માલના પુરવઠામાં સંકળાયેલી રજિસ્ટર થયેલી કોઇ વ્યક્તિના સંબંધમાં "ટર્નઓવર" એ શબ્દપ્રયોગના અર્થ, સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧-ની નોંધો ૮૪ અને સદરહુ અનુસૂચિની યાદી ૨-ની નોંધ ૫૧ અને ૫૪ હેઠળ લેવાપાત્ર કોઇ શુલ્ક અથવા વેરાની રકમથી ઘટાડવામાં આવેલા ટર્નઓવરનું મૂલ્ય થાય છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩.]

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઈ દેસાઈ,

નાણા મંત્રીશ્રી]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,

ઇન્ચાર્જ સચિવ,

ગુજરાત વિધાનસભા.